વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦
ફોન : ૦૨૬૩૭–૨૮૨૦૨૬, ફેકસ : ૦૨૬૩૭–૨૮૨૭૦૬ e-mail: dee@nau.in, Website: www.nau.in

# પરિપત્ર

## રોગ–જીવાત નિદાન અને ખેડૂત માર્ગદર્શન માટે "નિદાન ટીમો" ની રચના કરવા બાબત

જયભારત સહ જણાવવાનું કે, તાજેતરમાં દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદને પરિણામે ઉભા પાકને થયેલ નુકશાનની સાથે સાથે પાકમાં રોગ–જીવાતનું પ્રમાણ પણ વધવા પામેલ છે. ખેતી નિયામકશ્રી, ગાંધીનગરની માન.કુલપતિશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી સાથે થયેલ ટેલિફોનિક ચર્ચા મુજબ રોગ–જીવાત વધુ વિસ્તારમાં ફેલાય નહીં તથા પાકને વધુ નુકશાન થતું અટકે તે માટે ખેતીવાડી ખાતાના અધિકારીઓ અને યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિકોની જિલ્લાવાર "નિદાન ટીમો" (Diagnostic Teams) તૈયાર કરવાની થાય છે. આ માટે દક્ષિણ ગુજરાતના સાતેય જીલ્લાઓ માટે નીચે મુજબ નિદાન ટીમોની રચના કરવામાં આવે છે.

**(૧) જિલ્લો : નવસારી**

| | | |
|---|---|---|
| ૧ | ડો. સી.કે. ટીંબડીયા, પ્રોગ્રામ કોર્ડીનેટર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, નવસારી | ટીમ લીડર |
| ૨ | જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયત ભવન, જુના થાણા, નવસારી | સભ્ય |
| ૩ | વિસ્તારની જરૂરિયાત મુજબ ટીમ લીડર નકકી કરે તે સભ્ય | સભ્ય |

**(૨) જિલ્લો : તાપી**

| | | |
|---|---|---|
| ૧ | ડો. એન.એમ. ચૌહાણ, પ્રોગ્રામ કોર્ડીનેટર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, વ્યારા, જિ. તાપી | ટીમ લીડર |
| ૨ | જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયત ભવન, વ્યારા, જિ. તાપી | સભ્ય |
| ૩ | વિસ્તારની જરૂરિયાત મુજબ ટીમ લીડર નકકી કરે તે સભ્ય | સભ્ય |

**(૩) જિલ્લો : ડાંગ**

| | | |
|---|---|---|
| ૧ | ડો. એચ.એમ. વિરડીયા, પ્રોગ્રામ કોર્ડીનેટર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, વઘઈ, જિ. ડાંગ | ટીમ લીડર |
| ૨ | જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયત ભવન, આહવા, જિ. ડાંગ | સભ્ય |
| ૩ | વિસ્તારની જરૂરિયાત મુજબ ટીમ લીડર નકકી કરે તે સભ્ય | સભ્ય |

**(૪) જિલ્લો : સુરત**

| | | |
|---|---|---|
| ૧ | ડો. જે.એચ. પસ્તાગીયા, પ્રોગ્રામ કોર્ડીનેટર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અઠવા લાઈન્સ, નકૃયુ, સુરત | ટીમ લીડર |
| ૨ | જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયત ભવન, દરિયા મહેલ, મુગલીસરા, સુરત, જિ. સુરત | સભ્ય |
| ૩ | વિસ્તારની જરૂરિયાત મુજબ ટીમ લીડર નકકી કરે તે સભ્ય | સભ્ય |

**(૫) જિલ્લો : ભરૂચ**

| | | |
|---|---|---|
| ૧ | ડૉ. વી.આઈ. પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિક (કપાસ), કપાસ સંશોધન કેન્દ્ર, નકૃયુ, ભરૂચ | ટીમ લીડર |
| ૨ | જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયત ભવન, ભરૂચ | સભ્ય |
| ૩ | વિસ્તારની જરૂરિયાત મુજબ ટીમ લીડર નકકી કરે તે સભ્ય | સભ્ય |

પાના નં. ૨ પર ચાલુ.......

**(૬) જિલ્લો : નર્મદા**

| | | |
|---|---|---|
| ૧ | ડો. જે.એચ. રાઠોડ, પ્રોગ્રામ કોર્ડીનેટર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, ડેડીયાપાડા, જિ. નર્મદા | ટીમ લીડર |
| ૨ | જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયત ભવન, રાજપીપળા, જિ. નર્મદા | સભ્ય |
| ૩ | વિસ્તારની જરૂરિયાત મુજબ ટીમ લીડર નકકી કરે તે સભ્ય | સભ્ય |

**(૭) જિલ્લો : વલસાડ**

| | | |
|---|---|---|
| ૧ | ડો. એન.આઈ. શાહ, સહ સંશોધન વૈજ્ઞાનિક (બાગાયત), કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નકૃયુ, પરીયા | ટીમ લીડર |
| ૨ | જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયત ભવન, વલસાડ | સભ્ય |
| ૩ | વિસ્તારની જરૂરિયાત મુજબ ટીમ લીડર નકકી કરે તે સભ્ય | સભ્ય |

**નિદાન ટીમની કામગીરી સબંધી માર્ગદર્શક સૂચના :**

૧. જિલ્લાના તમામ તાલુકાઓના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેવાની રહેશે. મુલાકાત દરમ્યાન રોગ–જીવાતનું નિદાન કરીને ખેડૂતોને અટકાયતી પગલાં લેવા માટે માર્ગદર્શન આપવાનું રહેશે.

૨. જે જિલ્લામાંથી રોગ–જીવાતના ઉપદ્રવ અંગે ખેડૂતો તરફથી જાણ કરવામાં આવે, તો તે જિલ્લાની નિયુકત નિદાન ટીમે સત્વરે તે વિસ્તારની મુલાકાત લઈને ખેડૂતોના પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ કરવાનું રહેશે.

૩. ઉપરોકત સભ્યો ઉપરાંત ટીમ લીડર જરૂર પડયે યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાંથી વધુ સભ્યો કો–ઓપ્ટ કરી શકશે. નવા કો–ઓપ્ટ કરેલ સભ્યોની યાદી નીચે સહી કરનારની કચેરીમાં જાણ સારું મોકલી આપવાની રહેશે.

૪. ટીમ લીડરે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતનો અહેવાલ ગુજરાતી (LMG-Arun Font Size-13) માં તૈયાર કરીને હાર્ડકોપી અને સોફટકોપીમાં દિન–૭માં નીચે સહી કરનારની કચેરીમાં મોકલી આપવાનો રહેશે.

૫. ફિલ્ડમાં જવા માટે વાહન તથા ડીઝલની વ્યવસ્થા જિલ્લા ખેતીવાડી અધિકારી અને ટીમ લીડરે અરસપરસ સમજુતીથી કરી લેવાની રહેશે.

ઉપરોકત કાર્યાલય આદેશ મા. કુલપતિશ્રીની મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/૬૧૩૮–૫૪/૨૦૧૩
નવસારી તા.૩૦/૦૯/૨૦૧૩

<u>**નકલ જયભારત સહ રવાના પ્રતિ :**</u>

૧. મા. કુલપતિશ્રીના રહસ્યસચિવશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.
૨. ખેતી નિયામકશ્રી, ખેતી નિયામકશ્રીની કચેરી, કૃષિભવન, સેકટર–૧૦ એ, ગાંધીનગર તરફ જાણ થવા સારું.
૩. સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.
૪. સયુંકત ખેતી નિયામકશ્રી, સયુંકત ખેતી નિયામકશ્રીની કચેરી, ઓલપાડી મહોલ્લો, લાલ બંગલાની સામે, અઠવા લાઈન્સ, સુરત
૫. નિદાન ટીમના તમામ ટીમ લીડરો તરફ જાણ તથા ઘટતું થવા સારું.
૬. દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારું.